જુલાઇ ૩: વાર્ષિક ઊજવણી

ભારતીય ખ્રિસ્તી દિવસ
ઇસુ ભક્તિ દિવસ

ભારતમાં પ્રભુ ઇસુ ખ્રિસ્તનાં સ્મરણ
અને ઊજવણીનો દિવસ

INDIAN CHRISTIAN DAY
yeshu bhakti divas

indianchristianday.com

પ્રેમ
સેવા
ઊજવણી

સંત થોમા
ભારતનો પ્રેરિત

૩ જી જુલાઇનો દિવસ પરંપરાગત રીતે ભારતના પ્રેરિત, પ્રભુ ઇસુના ખ્રિસ્તના શિષ્ય, પ્રેરિત સંત થોમાના શહીદીના દિવસ તરીકે માન્ય કરવામાં આવેલ છે જે ભારતમાં ઈ.સ. ૫૨ માં આવ્યા અને ચેન્નાઇની નજીક ઈ.સ. ૭૨ માં શહીદ થયા.

દર્શન

ઈ.સ. ૫૨ માં ભારતમાં સંત થોમા દ્વારા પહોચાડવામાં આવેલ પ્રભુ ઇસુ ખ્રિસ્તના વ્યક્તિત્વ અને સંદેશની ઊજવણી કરવી, અને તેની સાથે ભારતીય સાંસ્કૃતિક ધરોહરમાં આપણી અસ્મિતાને જાળવી રાખીને ઐક્યતાને પ્રોત્સાહિત કરવું.

વૈશ્વિક ચળવળ

ભારત અને વિશ્વભરના પ્રભુ ઇસુ ખ્રિસ્તનાં મિત્રો અને અનુયાયીઓ.

તમારા પાડોશીને પ્રેમ કરો
સમાજની સેવા કરો
ઇસુની ઊજવણી કરો

જુલાઇ ૩ ની ઊજવણી !

- સમાજની સેવા
- સ્વાસ્થ્ય/ સાક્ષરતા અભિયાન
- આહાર/પોશાકની વહેંચણી
- પર્યાવરણ સ્વચ્છતા
- સેમિનારો,કૌશલ્યો કાર્યક્રમો
- ભારતીય નૃત્ય અને સંગીત
- કાર્યક્રમો અને પર્વો

અને હજુ ઘણું વધારે...!



૩ જુલાઇ ૨૦૨૧ નો એકરાર
ભારતીય ખ્રિસ્તી દિવસ / ઇસુ ભક્તિ દિવસ

૩ જુલાઇ ૨૦૨૧ નો આ એકરાર ભારતીય ખ્રિસ્તી દિવસ (ઇસુભક્તિ દિવસ) નો એક વાર્ષિક સ્મૃતિદિન છે, જે ભારતીય મૂળના, પ્રભુ ઇસુ ખ્રિસ્તના અનુયાયીઓ માટે છે, જે ઇસુ ખ્રિસ્તના વ્યક્તિત્વ અને તેમના સંદેશની ઊજવણી માટે છે, જે સંદેશ ઇસુ ખ્રિસ્તના બાર શિષ્યોમાંના એક સંત પ્રેરિત થોમા દ્વારા ઈ.સ. ૫૨ માં ભારતમાં લાવવામાં આવ્યો હતો.

આ દિવસ, જે ઐતિહાસિક ફલકમાં સંત થોમા દિવસ તરીકે ઉજવાય છે, ચેન્નાઇની નજીક ઈ.સ. ૭૨માં થયેલ પ્રેરિતની શહીદીના દિવસની ઊજવણી છે. ૨૦૨૧ માં તેને ચિન્હિત કરીને અને હવે પછી દર વર્ષે, આ ઊજવણીમાં ભાષા, રિવાજ, વિશ્વાસપંથ, પ્રદેશ કે ધર્મના ભાધ્યવિના જેઓ પણ ભાગીદાર થવાની ઇચ્છા રાખે છે તેઓ સર્વની સાથે એક થઈને અમે પ્રભુ ઇસુના શિષ્યો તરીકે પણ ભારતીય સાંસ્કૃતિક ધરોહરમાં અમારી અસ્મિતાની જાળવણી કરવા સમર્પિત છીએ.

૩ જુલાઇ ૨૦૨૧ ના દિવસે ભારતીય ખ્રિસ્તી દિવસની ઊજવણી (ઇસુભક્તિ દિવસ) ભારત અને વિશ્વનું ઘડતર અને રૂપાંતર કરવા માટે જેમના શિક્ષણ અને જીવનનાં સિધ્ધાંતોએ સહાય કરી છે એવા પ્રભુ ઇસુ ખ્રિસ્તના પૃથ્વી પરના સેવાકાર્યોના સન્માનમાં ૨૦૦૦ મી જયંતીના ઊજવણીના દશકા (૨૦૨૧-૨૦૩૦)ની શરૂઆત છે.

ઊજવણીનો દશકો (૨૦૨૧-૨૦૩૦)

ભારત અને વિશ્વનું ઘડતર અને રૂપાંતર કરવા જેમના શિક્ષણ અને જીવનનાં સિધ્ધાંતોએ સહાય કરી છે એવા ઇસુ ખ્રિસ્તના પૃથ્વી પરના સેવાકાર્યોની ૨૦૦૦ મી જયંતીના સન્માનમાં ઊજવણીનો એક દશકો.

મફત સાહિત્યો અને ડાઉનલોડ કરવા માટે:
indianchristianday.com